


તડકામાં વરસાદ - શહેરમાં બુધવારે માહોલ કઈ અનોખો હતો... ક્યારેક ધોધમાર વરસાદ તો ક્યારેક ધોમધખતો તડકો... આમ તડકો અને વરસાદ સંતાકૂકડી રમતા હોય એવી અદભૂત અનુભૂતિ શહેરીજનોને થઈ હતી... બુધવારે સવારે ૮ થી ૬ સુધી ૧૪ મી.મી. અને સાંજે ૬ થી રાત્રે ૯ વાગ્યા સુધી ૧૧ મી.મી. વરસાદ વરસતા ૧૩ કલાકમાં ૨૫ મી.મી. વરસાદ વરસ્યો હતો...

# નવા સીમાંકન મુદ્દે ભાજપમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિ

## નવા સીમાંકન મુદ્દે તમામ આગેવાનો અગ્રણીઓએ વિરોધ સૂચિત દરખાસ્તને લઈ મુખ્યમંત્રીથી લઈ સંગઠન સુધી નોંધાવ્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાના નવા સીમાંકન અંગે ભાજપના જૂથોની લડાઈ ફરી જામી છે. આ અંગે રાજયના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, પ્રભારી મંત્રી, સંગઠનના પ્રભારી સહિત તમામ કક્ષાએ ભાજપના આગેવાનોએ સામૂહિક વિરોધ નોંધાવ્યો છે.

મનપાના હદ વધારાના નિર્ણય પછી નવુ સીમાંકન ૨૦૧૧ની વસ્તીના આધારે કરવામાં આવ્યુ છે. નવા સીમાંકનમાં પક્ષના કોઈપણ કાર્યકર, આગેવાનોને વિશ્વાસમાં લીધા સિવાય બારોબાર તૈયાર કરી અને રજુ કરવામાં આવ્યુ હોવાની રજુઆતો ઉચ્ચકક્ષાએ કરવામાં આવી હતી.

આ મુદ્દે ભાજપનું મોવડીમંડળ પણ ચોંકી ઉઠ્યુ છે. સીમાંકન મુદ્દે તેમણે યોગ્ય કરવાની ખાત્રી આપી છે. જે સીમાંકન તૈયાર કરવામાં આવ્યુ છે તેમાં સેક્ટરો કુદાવી અને ઝીબ્રા મેપીંગનો પણ સતત અનાદર કરી માત્ર ને માત્ર કેટલાક લોકોના હિત સચવાઈ રહે તે રીતે કરવામાં આવ્યુ હોવાના આક્ષેપો કર્યા છે.

જો કે સીમાંકન અંગેની દરખાસ્ત આમ તો ૫ ઓગષ્ટ સુધીમાં રજુ કરવાની હતી પરંતુ કોવિડ-૧૯ના વધેલા સંક્રમણને ધ્યાને રાખી તે હજુ પણ તૈયાર કરવામાં આવ્યુ નથી.

મળતી વિગતો પ્રમાણે મનપા દ્વારા વિસ્તારોની જાણકારી સાથેની દરખાસ્ત અંગેની વિગતો જિલ્લા કલેક્ટરને સુપ્રત કરવામાં આવી છે. હવે જિલ્લા કલેક્ટર દ્વારા આ સીમાંકન અંગેની આખરી દરખાસ્ત તૈયાર કરવામાં આવશે.

ગાંધીનગર મનપાના હાલ ૮ વોર્ડ છે અને નવા ૩ વોર્ડ સાથે કુલ ૧૧ વોર્ડની રચના કરવાની થાય છે. ૧૮ ગામ અને એક નગરપાલિકાનો વિસ્તાર ભેળવવામાં આવતાં શહેરની મનપાની આ વખતની ચૂંટણી ભારે રસાકસી ભરી બનશે.

ગાંધીનગર મહાનગરપાલિકાએ છેલ્લી બે ટર્મમાં એક પણ વખત બહુમતી મેળવી નથી અને છતાં પાછલે બારણે પક્ષ પલ્ટાના રાજકારણથી તે સત્તા પર છે. ગાંધીનગર શહેરમાં ભેળવાયેલ ગ્રામ્ય

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૮ કેસ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૧૮ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૫૦૦ના આંકને પાર કરી ગઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્ર આ સ્થિતિને લઈ સતત દોડધામ કરી રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૮ કેસમાં ૧૩ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં કોરોના બે કાબુ બન્યો છે. તંત્રએ અહિ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. જો કે સેમી અર્બન વિલેજમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તે જોતાં તંત્રની ઉંઘ હરામ થઈ જવા પામી છે. જિલ્લામાં સૌથી વધુ કેસો ગાંધીનગર તાલુકામાં છે. આ પછી કલોલ અને માણસા તેમજ દહેગામનો ક્રમ આવે છે. ગાંધીનગર અને કલોલમાં કેસોની સંખ્યાને ધ્યાને રાખી તંત્ર પણ હવે લાચાર બની ગયુ છે. માણસામાં પણ કોરોનાના કેસોની સંખ્યા ૨૦૦ને પાર થઈ ગઈ છે. તો દહેગામમાં કેસોની સંખ્યા ૧૨૫ જેટલી થવા જાય છે.

ગાંધીનગર તાલુકામાં આજે વાસણા હડમતિયા ગામેથી એક ૨૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વાવોલમાંથી એક ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પ્રાંતિયા ગામેથી ૩૮ વર્ષીય યુવાનનો, રાંધેજા ગામેથી ૪૬ વર્ષીય પુરૂષનો, અને કોલવડામાંથી ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં કોરોના માટે હોટસ્પોટ બનેલ કુડાસણમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૫૭ વર્ષીય પુરૂષ અને ૪૩ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નવા ૧૨ કેસ નોંધાયા

## આચાર્ય, શિક્ષક, મા.શિ. બોર્ડનો કર્મયોગી, અરણ્યભવનનો કર્મયોગી, વીમા કંપનીના બ્રાન્ચ મેનેજર કોરોનાની ઝપટમાં આવ્યા : સે. ૬ માં ૨, સે. ૨૬ માં ૨, સે. ૨૮ માં ૨ ઉપરાંત સે. ૨, ૩, ૧૩, ૨૩, ૨૭, ૩૦ માંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોના પોઝીટીવના વધુ ૧૨ કેસ મળી આવ્યા છે. આ સાથે કોવિડ-૧૯ના કેસોની સંખ્યા ૭૪૮ થઈ છે.

આજે નોંધાયેલા કેસોમાં એક પ્રિન્સીપીલ, એક અરણ્યભવનનો કર્મયોગી, એક કોમ્પ્યુટર ઓપરેટર, એક માધ્યમિક શિક્ષણ બોર્ડનો કર્મયોગી, એક શિક્ષક, એક વીમા કંપનીના બ્રાન્ચ મેનેજર તેમજ એક હોટલ સંચાલક કોરોનાની ઝપટમાં આવી ગયા છે.

આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. આજે સે. ૬ માંથી ૨, સે. ૨૬ માંથી ૨, સે. ૨૮ માંથી ૨ ઉપરાંત સે. ૨, ૩, ૧૩, ૨૩, ૨૭ અને ૩૦ માંથી કેસો મળી આવ્યા છે.

નવા સેક્ટરોમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૫૯૧ દર્દીઓ રિકવર થઈ ગયા છે અને તેમને રજા આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. મળતી વિગતો પ્રમાણે સે. ૬ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૬ માંથી એક ૨૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગાંધીનગર**
**મો.નં.૯૯૭૯૦ ૧૨૨૦૩**

**ટેન્ડર**
**વાર્ષિક સફાઈ કોન્ટ્રાક્ટ અને સિક્યુરીટી કોન્ટ્રાક્ટ આપવાનો છે.**

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગાંધીનગરના આલમપુર શાકમાર્કેટ સબયાર્ડમાં સફાઈ કોન્ટ્રાક્ટ તેમજ સિક્યુરીટી કોન્ટ્રાક્ટ અને ચિલોડા માર્કેટયાર્ડમાં સિક્યુરીટી કોન્ટ્રાક્ટ ટેન્ડરની શરતો આધિન વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાનો છે. કોન્ટ્રાક્ટ અંગેના ટેન્ડર ફોર્મ ફી રૂા.૧૦૦૦/- (નોન રીફંડેબલ) ભરી બજાર સમિતિના સબયાર્ડ આલમપુર શાકમાર્કેટ કાર્યાલયમાંથી રજાના દિવસ સિવાય તા.૦૫-૦૯-૨૦૨૦ સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી લેવા અને તા.૦૮-૦૯-૨૦૨૦ સુધીમાં ઓફીસ સમય દરમ્યાન ટેન્ડર ફોર્મ ભરી બંધ કવરમાં આપવાના રહેશે.

ઓફીસ સમય : સોમવાર થી શુક્રવાર સવારે ૧૦.૦૦ કલાક થી સાંજના ૫.૦૦ કલાક
શનિવાર સવારે ૯.૦૦ કલાક થી બપોરના ૧.૦૦ કલાક

ઓફીસ સ્થળ : આલમપુર શાકમાર્કેટ સબયાર્ડ, આર્મી ગેટની સામે, ચિલોડા-ગાંધીનગર હાઈવે, મુ.આલમપુર, તા.જી.ગાંધીનગર-૩૮૨૦૪૨

ટેન્ડર તા.૧૦-૦૯-૨૦૨૦ ના રોજ બપોરે ૦૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.

ટેન્ડર મંજુર કરવાની સત્તા બજાર સમિતિ પાસે રહેશે. (નેગોશેશીયનને આધિન)

અશોકભાઈ એચ.પટેલ — ચેરમેનશ્રી
અનિલસિંહ એમ.વાઘેલા — વા.ચેરમેનશ્રી
યજ્ઞેશ એન.પટેલ — સેક્રેટરીશ્રી

# જિલ્લાની ૪૦ શૈક્ષણિક સંસ્થાઓમાં મચ્છરોના હેવી બ્રિડીંગ મળતાં તંત્રએ નોટીસ ફટકારી

## ૯૨૦ શાળાઓમાં મેલેરિયાતંત્રએ આક્રમક તપાસ હાથ ધરી




ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં કોરોના સંકટ હજુ શમ્યુ નથી ત્યાં વાહકજન્ય રોગચાળો વિકરાળ રૂપ ધારણ કરે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

જિલ્લા મેલેરિયાતંત્રએ આજે જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓની કરેલ તપાસમાંથી ૯૮૩ સ્થાનો પરથી મચ્છરોના પોરા મળી આવ્યા છે. ૪૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓમાંથી અતિભારે પોરા મળી આવ્યા હોવાથી સંચાલકોને તંત્રએ નોટીસ આપી છે.

તંત્રએ આજે એન્ટી લાર્વેલ અને પોરાનાશક કામગીરી કરી હતી. જિલ્લા મેલેરિયાતંત્રની અખબારી યાદીમાં જણાવાયા મુજબ તંત્રની ટીમોએ આજે ૯૨૦ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈ, ૧૯૯૮ કેમ્પસ, ૧૫૨૦ ધાબા, ૧૨૪૮ ઓવર હેડ ટેંક તથા ૩૪૪૧ અન્ય પાત્રો મળી કુલ ૬૯૫૯ મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરી હતી. આ પૈકી ૯૮૩ જગ્યાએ મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા હતા. આ તમામ સ્થાનો પર તંત્રની ટીમ દ્વારા એન્ટી લારવેલની કામગીરી હાથ ધરી પોરાનો નાશ કરવામાં આવ્યો હતો.

૪૦ શૈક્ષણિક સંસ્થાઓમાં મચ્છરોનું ભારે બ્રીડીંગ મળતાં શાળા સંચાલકોને નોટીસ આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નવા સરકારી આવાસો બાંધવા માટે ટુંકમાં સાઈટ આખરી થશે

## સે-૭, સ-૨૯ અને સે-૩૦ બાદ હાલ સે-૬ માં આવાસ યોજનાનુ કામ ચાલી રહ્યુ છે : ભયજનક આવાસો તોડવામાં આવ્યા બાદ ખુલ્લી જગ્યામાંથી નવા આવાસોની સાઇટ નક્કી કરાશે : સ્થળ પસંદગીના મામલે ઉચ્ચ કક્ષાએથી ટુંકમાં નિર્ણય લેવાશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો રહેણાંકને યોગ્ય રહ્યા નથી જેના લીધે ભયજનક આવાસોનો સર્વે કરી તબક્કાવાર જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. બીજીતરફ નવા આવાસો પણ બાંધવામાં આવી રહ્યા છે. શહેરમાં રહેણાંકનો લાયક સરકારી મકાનોની સંખ્યા ઓછી છે. અલબત્ત મોટાભાગના સરકારી આવાસો જોખમી હાલતમાં હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે નવા સરકારી આવાસો બાંધવા માટે ટુંકમાં નવી સાઈટ પણ નક્કી કરી દેવાશે. બી અને સી કક્ષાના નવા આવાસો તૈયાર કરવા માટે સ્થળ પસંદગી કરી દેવાશે.

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના ભયજનક હાલતમાં છે. સેકટરોમાં આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જયારે આવાસોની સ્થિતિનો તાગ મેળવી તંત્ર દ્વારા વિવિધ સરકારી આવાસોને અલગ અલગ કેટેગરીમાં સમાવી ભયજનક તેમજ અત્યંત જોખમી આવાસોની યાદી પણ તૈયાર કરાઈ છે. શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસોનુ અસ્તિત્વ ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેમ છે. આવા સંજોગોમાં સરકારી આવાસોમાં કર્મચારીઓનો વસવાટ પણ સલામત નથી જેને ધ્યાને લઈને દાયકાઓ જુના અને જોખમી મકાનો તબક્કાવાર ખાલી કરાવી તોડવામાં આવી રહ્યા છે. શહેરમાં હાલ પણ ભયજનક મકાનોની સંખ્યા વિશેષ છે. ત્યારે ભયજનક મકાનો તોડીને નવા બાંધવા માટે પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરમાં સે-૭ ,સે,-૨૯ અને સ-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જેમાં હાલ કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. આ ઉપરાંત સ-૬ માં પણ હાલ નવા આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છ. શહેરમાં હાલ નિકાલ હેઠળના ભયજનક મકાનો તોડવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જયારે જોખમી મકાનો ખાલી કરાવી તોડવાનુ કામ પણ હાથ ધરાય છે. સર્વેના અંતે રહેણાંકની દ્રષ્ટીએ અત્યંત જોખમી મકાનો તોડવા માટે પણ આગામી દિવસોમાં કામ હાથ ધરાશે. જયારે આવાસોના નિકાલ બાદ ખુલ્લી જગ્યાનો પણ યોગ્ય સર્વે હાથ ધરી વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહીત નાયબ મુખ્યમંત્રી સમક્ષ ચિતાર રજુ કરવામાં આવ્યો છે. જેના અંતે નવી આવાસ યોજના તૈયાર કરવા માટે પણ ટુંકમાં સાઈટ નક્કી કરાશે. શહેરના નવા સેકટરોમાં હજુ નવી સાઈટ માટે જગ્યા ફાળવવામાં આવે તેવી પણ સંભાવના છે. જયારે જુના સેકટરોમાં પણ નવા આવાસો માટે ખુલ્લી જગ્યા ફાળવવામાં આવે તેવી પણ સંભાવના છે.

**SPORTS AUTHORITY OF INDIA**
**NETAJI SUBHASH WESTERN CENTRE, SECTOR-15 GANDHINAGAR**

**TENDER NOTICE**

NO- SAI/NSWC/SWIMMING POOL/2020-21/02 DATE- 26-8-2020

**SPORTS AUTHORITY OF INDIA,** Netaji Subhash Western centre, Sector-15 Gandhinagar-382016 invites on line tenders for annual contract for operation and maintenance of Olympic size swimming pool from reputed agencies having experience to maintain the swimming pools all over India with average minimum turn over of **Rs 10.00** lakhs of the last three financial years duly certified by Charted Accountant for award of contract for a period of one year.

| Sl. No. | Name of work | Estimated cost of annual contract (Rs) | EMD (Rs) | Required Turn over for last three years (Average) (Rs) |
|---|---|---|---|---|
| 1 | Annual contract for operation & maintenance of Olympic size of swimming pool at SAI Gandhinagar | 10.00 Lakh | 50,000/- | 10.00 lakh |

The detailed tender notice will be made available on website **www.Sports Authority of India.nic.in** and on line of central portal on http/cppp/eprocure.com For further details please visit SAI website or contact at SAI NSWC Gandhinagar Gujarat (Email Id- **dd.sai.nswc@gmail.com** contact No- 079-232-23182)

Director
SAI, GANDHINAGAR

# ગાંધીનગરથી સૌરાષ્ટ્ર રૂટની રાત્રિ બસ સેવા પાંચ મહિના બાદ શરૂ

## કોરોનાની મહામારીના સંજોગોમાં લાંબા સમય બાદ ડેપોથી દિવ, અમરેલી, સોમનાથ અને દ્વારકા સહીતના રૂટની બસસેવા શરૂ કરાઇ

ગાંધીનગર તા ૨૬

કોરોનાના કપરા કાળમાં લાંબા સમયથી એસ ટી ડેપોએ સૌરાષ્ટ્ર રૂટની લાંબા અંતરની બસો બંધ કરી હતી. જયારે પાંચ મહીનાના અંતે ગાંધીનગર ડેપોથી સૌરાષ્ટ્ર રૂટની લાંબા અંતરની બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં દિવ,સોમનાથ, દ્વારકા અમરેલી સહીતના રૂટનો સમાવેશ થાય છે. કોરોનાની મહામારીના લીધે એસ ટી બસ સેવા હજુ પણ વિશેષ રીતે પ્રભાવિત છે. ત્યારે એસ ટી બસના પૈડ પાટે ચઢાવવા માટે તબક્કાવાર બસ સેવાનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે.

કોરોનાના કપરા કાળમાં છેલ્લા ઘણાં સમયથી વાહનવ્યવહાર સેવા પ્રભાવિત છે. શરૂઆતના તબક્કામાં લોકડાઉન હોવાથી સતત સવા બે મહીના સુધી એસ બસના પૈડા થંભી ગયા હતા. જયારે લોકડાઉનમાં ધીમે ધીમે છુટછાટ અપાયા બાદ એસ ટી નિગમ દ્વારા બસ સેવા શરૂ કરવામાં આવી રહી છે. ગાંધીનગર ડેપોમાં પણ લાંબા સમયથી બસ સેવા બંધ હતી જયારે મંજુરીના અંતે સૌ પ્રથમ સચિવાલય પોઈન્ટની બસ સેવા શરૂ કરવામાં આવી હતી જયારે પોઈન્ટ બસ સેવા બાદ શહેરી બસ સેવા અને ગ્રામિણ વિસ્તારની બસો પણ તબક્કાવાર દોડતી થઈ હતી ત્યારબાદ લાંબા અંતરની બસો પણ રૂટમાં દોડતી થતા મુસાફરોને વાહન સેવા ઉપલબ્ધ થઈ હતી. જયારે લોકડાઉન બાદ છેલ્લા પાંચ મહીનાથી સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં દોડતી રાત્રિ બસ સેવા પણ બંધ હતી. જયારે છેલ્લા બે દિવસથી ગાંધીનગર ડેપોએ આ રૂટની બસો શરૂ કરી દીધી છે. જેમાં સૌરાષ્ટ્રમાં દિવ , સોમનાથ, અમરેલી અને દ્વારકા સહીતની બસ સેવા શરૂ કરી દીધી છે. જેના લીધે મુસાફરો આ બસ સેવાનો

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-

સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-

ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com